**શ્રી એમ.એમ.અગ્રવાલ, ન્યાયાધિશ, શ્રમ અદાલત અને એકસ ઓફિસીયો કમીશ્નર ફોર ધી એમ્પ્લોઈઝ કોમ્પનસેશન, મુ.મહેસાણા**

**W.C. એગ્રીમેન્ટ નંબર. ૮/૨૦૨૪**

**આંક–૨૫**

| | | |
|---|---|---|
| અરજદાર | – | શ્રી આલોક સુભાષચંદ્ર મિશ્રા,<br>બી–૧૦૫, સોનીકુટીર, સાંઈનગર, વસાઈ (વેસ્ટ),<br>ઉમલે, પાલઘર, મહારાષ્ટ્ર. |

**// વિરૂધ્ધ //**

| | | | |
|---|---|---|---|
| સામાવાળા | – | (૧) | હિમાલયા પેપટેક પ્રા.લિ.,<br>સર્વે નં.૧૨૯૯, ખેરવા–નારદીપુર રોડ, મુ.આખજ, મહેસાણા. |
| | | (૨) | બજાજ એલાયન્ઝ જનરલ ઈન્સ્યોરન્સ કંપની લી.<br>૪ થો માળ, તુરકેસ, પંચવટી સર્કલ પાસે, સી.જી.રોડ,<br>એલીસબ્રીજ, અમદાવાદ. |

<u>પ્રતિનિધિત્વઃ</u>–

| | | |
|---|---|---|
| અરજદાર તરફે | – | પ્રતિનિધિશ્રી આર.કે.ચૌધરી |
| સામાવાળા નં.૧ તરફે | – | જાતે. |
| સામાવાળા નં.૨ તરફે | – | જાતે. |

**– જમા થયેલ વળતરની રકમની ફાળવણીનો હુકમ –**

(૧) આ કામના સામાવાળા નં.૨ વિમા કંપનીએ અરજદારશ્રી આલોક સુભાષચંદ્ર મિશ્રાને થયેલ અકસ્માત અન્વયે વળતરના રૂ.૩,૨૫,૨૬૧/– (અંકે રૂપિયા ત્રણ લાખ પચીસ હજાર બસો એકસઠ પુરા) જમા કરાવતા આંક–૫ થી પક્ષકારોને સુનાવણીની નોટીસ કાઢવામાં આવેલ જે તેઓને બજી ગયેલ હોવાનું રેકર્ડ પરથી ફલીત થાય છે. અરજદારે આંક–૨૦ ના લીસ્ટથી લેખિત દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે જેમાં અરજદારનો ફોટો તથા આધારકાર્ડની ઝેરોક્ષ નકલ રજુ કરેલ છે. અરજદારે આ કામમાં આંક–૨૧ થી સોગંદનામુ રજુ કરેલ છે. સામાવાળા નં.૧ સંસ્થા તરફે આંક–૨૨ થી નો ઓબ્જેકશન સર્ટીફીકેટ રજુ કરેલ છે. અરજદારે આંક–૨૩ થી એગ્રીમેન્ટ રજીસ્ટર્ડ કરવા અરજી આપેલ છે. ત્યારબાદ હાજર પક્ષકારો તરફેની રજુઆત સાંભળી કામ હુકમ પર લેવામાં આવેલ છે.

(૨) સમગ્ર કેસનું રેકર્ડ, તેમજ પક્ષકારો તરફેની રજુઆત ધ્યાનમાં લીધી. આ કામમાં સામાવાળા નં.૨ વિમા કંપનીએ અકસ્માત વળતરની રકમ રૂ.૩,૨૫,૨૬૧/– (અંકે રૂપિયા ત્રણ લાખ પચીસ હજાર બસો એકસઠ પુરા)જમા કરાવેલ છે. આ કામમાં અકસ્માતની રકમ જમા થયા બાદ અરજદારને વ્યાજનું નુકસાન જાય નહી તે હેતુથી સદર રકમ ઈન્ડીયન બેંક, મહેસાણામાં ફિકસ ડીપોઝીટ તરીકે રાખવામાં આવેલ છે.

અરજદાર જમા થયેલ અકસ્માત વળતરની રકમ કબુલ–મંજુર રાખી સદર એગ્રીમેન્ટ રજીસ્ટર કરવા વિનંતી કરે છે. સામાવાળા નં.૧ તથા નં.૨ ને હાજર રહેવા અનેકવાર નોટીસ મોકલેલ પરંતુ સામાવાળાઓ તરફે કોઈ હાજર રહેલ નથી. તેથી વિમા કંપનીએ જમા કરાવેલ રકમ અરજદારને ચુકવી આપવામાં આવે તો કોઈ વાંધો કે તકરાર ન હોવાનું અત્રેની અદાલતનું માનવુ છે તેથી સદર કેસમાં સામાવાળા નં.૨ તરફે જમા થયેલ રકમ કાયદેસરની અને યોગ્ય જણાય છે. તેમજ આ જમા થયેલ રકમ અરજદારને વહેંચી આપવાની હોઈ, નામ.વડી અદાલતે ન્યુ ઈન્ડીયા ઈન્સ્યોરન્સ કંપની વિરૂધ્ધ નારસિંહ ડી. હરીજન (સોલંકી) તથા અન્ય બે ના કેસ નં. સીવીલ એપ્લીકેશન નં.૧૧૭૦૬ થી ૧૧૭૧૬/૨૦૦૬ ઈન ફસ્ટ અપીલ નં.૩૮૩૦ થી ૩૮૪૦/૨૦૦૬ તા.૨૪/૪/૦૭ ના ચુકાદામાં ઠરાવેલ સિધ્ધાંત તેમજ ઉપરોકત હકીકત અને સંજોગો ધ્યાનમાં લેતાં, નીચે મુજબ વહેંચણીનો હુકમ કરવામાં આવે છે.

## // હુકમ //

(૧) સદર એગ્રીમેન્ટ આથી રજીસ્ટર કરવામાં આવે છે.

(૨) સામાવાળા નં.૨ વિમા કંપનીએ જમા કરાવેલ અકસ્માત વળતરની રકમ રૂ.૩,૨૫,૨૬૧/– (અંકે રૂપિયા ત્રણ લાખ પચીસ હજાર બસો એકસઠ પુરા) ની એફ.ડી. ઈન્ડીયન બેંક, મહેસાણા ખાતે કરવામાં આવેલ છે તે ફિકસ ડીપોઝીટની રકમ પૈકી રૂ.૩૦,૨૬૧/– (અંકે રૂપિયા ત્રીસ હજાર બસો એકસઠ પુરા) તથા મુળ એફ.ડી. નું ચઢેલ વ્યાજ સહીતની રકમનો અરજદારના નામનો એકાઉન્ટ પેઈ ચેક બેન્કે ઈસ્યુ કરવો. તેમજ બાકી રહેતી રકમ રૂ.૨,૯૫,૦૦૦ /– (અંકે રૂપિયા બે લાખ પંચાણું હજાર પુરા) અરજદાર તથા એકસ ઓફીશીયો વર્કમેન કમિશ્નરશ્રીના સંયુકત નામે એક વર્ષ માટે ફિકસ ડીપોઝીટ કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) અરજદારની ફિકસ ડીપોઝીટ ઉપરનું નિપજતું વ્યાજ અરજદાર જણાવે તે બેંક ખાતામાં જમા કરાવવું અથવા બેંકે રોકડેથી ચુકવી આપવું.

(૪) બેન્કે સદર ફિકસ ડીપોઝીટ ની અસલ રસીદ તેમજ ઈસ્યુ કરેલ ચેક અત્રેની અદાલતમાં દિન–૩ માં મોકલી આપવા.

(૫) બેન્કે સદરહુ ફિકસ ડીપોઝીટ ઉપર કોઈપણ જાતની લોન, ગીરો, બોજો, બક્ષીસ વિગેરે મંજુર કરવા નહી.

(૬) અરજદારની યોગ્ય ઓળખાણ તથા ધોરણસરની પહોંચ મેળવી સદર ચેક તથા એફ.ડી. અસલ અરજદારને આપવા.

(૭) હુકમ આજરોજ જાહેર કર્યો.

સ્થળઃ મહેસાણા
તા.૦૯/૦૩/૨૦૨૬

(મીમાંશા મહેશ અગ્રવાલ)
GJ01382
ન્યાયાધીશ, શ્રમ અદાલત અને એકસ ઓફિસિયો
કમિશ્નર ફોર ધ એમ્પ્લોઈ કોમ્પનસેશન, મહેસાણા